તા. ૧૪/૦૩/૨૦૨૦/12530


**Durgesh V. Buch**
President

**Natubhai Patel**
Sr. Vice President

**Bhargav Thakkar**
Vice President

**Sanjeev Chhajer**
Secretary

**Dilip M. Padhya**
Secretary (R)

**Pathik S. Patwari**
Treasurer


પ્રતિ

**શ્રી એ. વી. શાહ**

સભ્ય સચિવ,

ગુજરાત પ્રદુષણ નિયત્રંણ બોર્ડ

ગાંધીનગર

વિષય : ઉદ્યોગોના પર્યાવરણને લગતા પ્રશ્નો

મહોદય શ્રી,

સવિનય જણાવવાનું કે આ સાથે ઉદ્યોગોના પર્યાવરણને લગતા પ્રશ્નોની સૂચિ બિડાણ કરેલ છે.

આ અંગે ઘટતું કરવા નૃમ વિનંતી છે.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

**નટુભાઈ પટેલ**
સિનિ. ઉપ-પ્રમુખ

**યોગેશ પરીખ**
ચેરમેન, એન્વાર્યમેન્ટ એન્ડ વોટર ટાસ્ક ફોર્સ

**તા. ૧૪-૩-૨૦૨૦ના રોજ શ્રી એ. વી. શાહ, સભ્ય સચીવ, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ ના સનમાન સમારોહ તેમજ ઓપન હાઉસ દરમ્યાન ચર્ચામાં લેવા માટે ના મુદ્દાઓ.**

**૧. ઔદ્યોગિક ઘન કચરાના નિકાલ માટે જમીન ફાળવવા બાબત.**

રંગ અને રસાયણના ઉત્પાદન દરમ્યાન નિકળતા પાણીને ટ્રીટમેન્ટ કરવાથી ઘન કચરો ઉત્પન્ન થતો હોય છે જેનો નિયમ મુજબ નિકાલ કરવાનો હોય છે. કેમિકલ ઉદ્યોગના ઘન કચરાને નિયમમુજબ નિકાલ કરવા માટે ગુજરાતમાં આશરે ૧૦ જેટલી સાઈટો હતી પરંતુ મોટા ભાગની સાઈટો ભરાઈ જવાને કારણે બંધ થઈ ગઈ છે જેના ઉપર પ્લાન્ટેશન અને લોન ઉગાડવામાં આવી છે જે પર્યાવરણની શોભા વધારી રહી છે. હાલમાં ઉદ્યોગોના કચરાના નિકાલ માટે ૪ સાઈટો કાર્યરત છે અને તે પણ ટુંક સમયમાં ભરાઈ જશે જેને કારણે ભવિષ્યમાં ઉદ્યોગોને ઉત્પાદન દરમ્યાન નિકળતા ઘન કચરાના નિકાલ માટે મુશ્કેલી ઉભી થશે અથવા તો ગેરકાયદેસર નિકાલ થવાની શક્યતા રહેલ છે. આવી પરિસ્થિતિ ન સર્જાય તે માટે આગોતરૂં આયોજન ખૂબજ જરૂરી છે. જમીનની ફાળવણી થાય ત્યાર બાદ તેને તૈયાર કરવામાં ઘણો બધો સમય પસાર થઈ જાય છે.

અમારી આપને નમ્ર વિનંતી છે કે સરકારી બિનખેતી/બીન ઉપજાઉ આશરે ૧૦૦ એકર જમીન ટોકનભાવે આપવામાં આવશે તો તેના કારણે નવા ઉદ્યોગોને પ્રોત્સાહન મળશે. જો આ અંગે સમયસર જમીન ફાળવણી કરવામાં આવશે તો વટવા, નરોડા, ઓઢવ, નારોલ, આણંદ, વડોદરા, અંકલેશ્વર, વાપી વિસ્તારમાં આવેલ ઉદ્યોગોને પણ આનો લાભ મળશે અને હયાત ઉદ્યોગો પણ વિસ્તરણ કરી શકશે જેને કારણે રોજગારીની નવી તકો ઉભી થશે અને સ્થાનિક વેચાણ અને નિકાસમાં પણ વધારો થશે જેનાથી સરકારની મહેસુલી આવકમાં પણ વધારો થશે અને મા. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ''ઈઝ ઓફ ડુઈંગ બીઝનેસ'' ની વિચારધારને વેગ મળશે.

**૨. એસીડ ન્યુટ્રલાઈઝેશન**

ગુજરાતમાં એસીડ ન્યુટ્રલાઈઝેશન પદ્ધત્તિ છે જે પ્રદૂષણ ઘટાડવામાં ખૂબજ મહત્વનું સાબિત થયું છે. હાલમાં ગુજરાતમાં વટવા ખાતે 'નોવેલ' સ્પેન્ટ એસીડ મેનેજમેન્ટ દ્વારા આ પ્લાન્ટ ચલાવવામાં આવે છે જે ખૂબજ સફળતા પૂર્વક કામ કરી રહ્યો છે.

અમારી આપને નમ્ર વિનંતી છે કે આવા બીજા પ્લાન્ટ માટે દહેજ ખાતે ટોકન ભાવે જમીન ફાળવવા માટે જી.આઈ.ડી.સીને રજુઆત કરવી. જો આ પ્લાન્ટની સ્થાપના કરવામાં આવે તો દહેજ, અંકલેશ્વર, પનોલી, ભરૂચ ઝગડીયા તેમજ અન્ય ઔદ્યોગિક વસાહતોને આ સવલતનો લાભ મળી શકે.

**૩. કારખાનામાં થતા અકસ્માત સમયે થતી કાર્યવાહી બાબત**

ગુજરાતમાં તમામ ઉદ્યોગો કારખાના એક્ટ હેઠળ નોંધાએલ હોય છે. કોઈપણ કારણસર અકસ્માત થાય ત્યારે આ અંગે સૌપ્રથમ ફેક્ટરી ઈન્સ્પેક્ટર દ્વારા યોગ્ય તપાસ થાય અને તેમનો રિપોર્ટ આવે ત્યાર બાદ કાર્યવાહી થવી જોઈએ પરંતુ આમ ન થતા પોલીસ તાત્કાલીક ધોરણે પહોંચી કેસ કરી આઈ.પી.સી ૩૦૪ અને ૩૦૪-એની કલમ લગાડી કારખાનેદારને જેલ ભેગા કરી દે છે. આ અંગે જીપીસીબી દ્વારા પણ કાર્યવાહી કરવામાં આવે છે અને

યુનિટને બંધ કરવા, પાવર, પાણી બંધ કરવા, મોટી રકમનો દંડ કરવો અને યુનિટ ને મોટી રકમની બેન્ક ગેરંટી આપવી પડે છે.

## ૪. યુનિટોને અપાતી ક્લોઝર બાબતે

જીપીસીબીના ધારા ધોરણોમાં ક્યાંક ચૂક / ભુલ થાય ત્યારે જીપીસીબી સીધું ક્લોઝર આપે છે તે વ્યાજબી નથી. યુનિટને પહેલા કારણદર્શક નોટિસ આપીને ભુલ સુધારવાની તક મળવી જોઈએ. જો યુનિટ દ્વારા કોઈ પગલાં ન લેવાય તેવા કેસમાં ક્લોઝર આપવું જોઈએ અને ક્લોઝર નોટીસનો મહત્તમ સમય કામકાજના ૧૫ દિવસ હોવા જોઈએ.

## ૫. એનજીટીમાં ચાલતા કેસમાં સેપી સ્કોરની ખોટી રીતે કરેલ ગણતરી અંગે

જીપીસીબી દ્વારા એનજીટીમાં ચાલતા કેસમાં સેપી સ્કોરની ગણતરી ખોટી રીતે કરવામાં આવે છે. સેપીની ગાઈડલાઈન પ્રણાણે ઈટીપી/સીઈટીપીના ફેક્ટર 'બી' માટે આઉટલેટને સરફેસ વોટરની ગણતરીમાં લેવામાં આવશે નહી. પરંતુ સેપી - ૨૦૧૮ની ગણતરીમાં સીપીસીબી દ્વારા ખોટી ગણતરી કરીને વટવા, નરોડા, વડોદરા, અંક્લેસ્વર, વાપી, સુરત જેવી ઔદ્યોગિક વસાહતોના સેપીના વાસ્તવિક સ્કોર કરતા ખૂબ મોટા તફાવત જોવા મળ્યો છે જેને કારણે ઉપરોક્ત વસાહતોને સારૂં કામ કરતી હોવા છતા ખૂબજ કઠિન પરિસ્થિતિમાં મુકાઈ ગયા છો અને આ વસાહતોમાં મોરેટોરીયમ લાગુ કરવામાં આવ્યું છે જેને કારણે ઉદ્યોગોનું એક્સપાન્શન કે નવા ઉદ્યોગોની સ્થાપના કે ઉત્પાદન વધારી શકાય નહીં જેથી ઉદ્યોગોને ખૂબજ મોટું નુકશાન વેઠવું પડે છે.

આપ સાહેબને નમ્ર વિનંતી છે કે આ અંગે બને તેટલી ઝડપી કાર્યવાહી થવી જોઈએ.

## ૬. જીપીસીબી દ્વારા ઉત્પાદન માટે પ્રતિબંધ કરવામાં આવેલ ૧૧ ડાઈ ઈન્ટરમીડીયેટ્સ બાબત

સમગ્ર ભારતદેશના અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાતના ઉદ્યોગો / ઔદ્યોગિક એસોસીએશનો દ્વારા પર્યાવરણ ક્ષેત્રમાં ખૂબજ સારી કામગીરી કરી છે અને આ અંગે હજુ પણ વધારે ને વધારે સારૂ કરવા માટે કટીબદ્ધ છે. તેમ છતાં વટવા, ઓઢવ, નરોડા જીઆઈડીસી એસ્ટેટમાં ૧૧ જેટલા ડાઈ ઈન્ટરમીડીયેટ્સ બનાવવા માટે પ્રતિબંધ કરવામાં આવ્યો છે તે વ્યાજબી નથી.

અમારી નમ્ર વિનંતી છે કે જીપીસીબી દ્વારા આ પ્રતિબંધ વહેલી તકે ઉઠાવી લેવામાં આવે તો ઉદ્યોગો તેમની પ્રોડક્ટ સરળતાથી બનાવી શકે.

હાલમાં કોરોના વાઈરસના કારણે કાચા માલની ક્રૂબજ અછત ઉભી થઈ છે ત્યારે આ પ્રતિબંધ ઉઠાવી લેવાથી મુશ્કેલીમાંથી પસાર થઈ રહેલા ઉદ્યોગોને જીવનદાન મળી શકે તેમ છે.

૭. રુલ ૯ ના નિયમ બાબતે

રુલ ૯ પ્રમાણે હેઝાર્ડસ અથવા કોઈ અન્ય કચરાને પ્રિ-પ્રોસેસીંગ બાદ કો પ્રોસેસિંગ માટે અથવા તો કોઈ અન્ય વપરાશ માટે જીપીસીબી ની પરવાનગી જરૂરી છે.

જે કિસ્સામાં રુલ (૯) અંતર્ગત એસ.ઓ.પી ન બનેલ હોય તેવા કિસ્સામાં અગાઉ બનેલ વચગાળાની નીતિ મુજબનો પરિપત્ર તાત્કાલિક અસરથી બહાર પાડવો જોઈએ.

અમારી નમ્ર વિનંતી છે કે જીપીસીબીએ હેઝાર્ડસ અથવા અન્ય કચરાના વપરાશ માટે રુલ ૯ હેઠળ સીપીસીબી દ્વારા આપવામાં આવેલ ગાઈડલાઈન અતર્ગત પરવાનગી આપવી જોઈએ.

ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા નવા આવતા નિયમો બાબતે માર્ગદર્શિકા બનાવવામાં આવે છે આ જ પ્રમાણે ઉત્પાદન પ્રક્રિયામાંથી નીકળતી બાય-પ્રોડક્ટ જે સીધી રીતે જ હેઝાર્ડસ વેસ્ટ તરીકે ગણી લેવામાં આવે છે પરંતુ જે ખરેખરબાય-પ્રોડક્ટ તરીકે વપરાય છે તેવી પ્રોડક્ટને હેઝાર્ડસ વેસ્ટને બદલે બાય-પ્રોડક્ટ ગણવા માટે જરૂરી માર્ગદરિશિકા બનાવી પ્રકાશિત કરવું જેથી કરીને હેઝાર્ડસ વેસ્ટ નિયમના રુલ (૯) અંતર્ગત લેવામાં આવતી પરવાનગી માટે પડતી અગવડતા દૂર કરી શકાય.

૮. EIA/ECC.

નવા ઘોગની સ્થાપના માટે સૌ પ્રથમ એન્વાયર્નમેન્ટ ક્લીયરન્સ લેવું પડે છે. અનુભવે જણાયેલ છે કે આ પ્રક્રિયા દરમ્યાન કમિટી સાથે હકારાત્મક અભિગમ ન હોવાથી પ્રોજેક્ટ પ્રોપોનેન્ટ નિરાશ થાય છે. કમિટીના સભ્યો દ્વારા ઈ.આઈ.એ રીપોર્ટના અભ્યાસનાં અભાવને કારણે કેટલાક સંજોગોમાં જરૂરી માહિતી અરજીમાં હોવા છતા પ્રેઝન્ટેશન દરમ્યાન ક્વેરી તરીકે પૂછવામાં આવે છે અને જેથી ઈ.સી ની મંજુરી લેવામાં વધુ સમય લાગે છે.

હાલમાં MoEF&CC દ્વારા ડ્રાફ્ટ ઈ.આઈ.એ નોટીફીકેશન પ્રકાશિત થયેલ છે જે પ્રાથમિક દ્રષ્ટીએ ગુંચવણ ભરેલું જણાય છે આ બાબતે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડનાં અધિકારીની અધ્યક્ષતામાં GCCI તેમજ જુદા-જુદા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રતીનીધીઓનો સમાવેશ કરી એક કમિટી બનાવી ડ્રાફ્ટ EIA નોટીફીકેશનમાં જરૂરી સુધારા વધારા / યોગ્ય સૂચનો તૈયાર કરી તેનો સમાવેશ કરવા ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા MoEF&CC ને રજૂઆત કરવી.

૯. ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા જુદી જુદી પરવાનગીઓ માટે કમિટીઓ બનાવવામાં આવેલ છે જેના સભ્યો ઘણા સમયથી કાર્યરત છે જેને વિખેરી કમિટીનું પુનર્ગઠન કરવું અને નવનિર્મિત સભ્યોની કાર્યકાળની મુદ્દત નક્કી કરવી. આ કમિટીઓમાં ઉદ્યોગોના પ્રતિનિધિઓ (પર્યાવરણ કમિટી - જીસીસીઆઈ / જે-તે ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનનાં પર્યાવરણના નિષ્ણાતો) નો સમાવેશ કરવો.

૧૦. જીપીસીબી દ્વારા ક્લોઝર વખતે લેવામાં આવેલ ઓરીજનલ બેન્ક ગેરંટી મુદત વિત્યા બાદ પરત કરવામાં આવે જેથી યુનિટને તે બેન્ક ગેરંટીની રકમ પરત મેળવવામાં અનુકુળતા રહે અને તે રકમનો ઉપયોગ ધંધાના વિકાસમાં કરી શકે.

## ૧૧. અંક્લેશ્વર ઔદ્યોગિક વસાહતમાં કોપર થેલો સાઈનાઈન (CPC) બનાવવા માટેની મંજુરી આપવા બાબત

અંક્લેશ્વર અને પનોલી ઔદ્યોગિક વસાહતમાં આવેલ CPC બનાવતા એકમોએ પોતાના હયાત પ્લાન્ટમાં એક્સપાન્શન કરવા માટે EC માટે પણ અરજી કરેલ છે પરંતુ તે જીપીસીબીના પરીપત્ર CPCB/449811/29509-ID/(6)677-C/ANK dtd. 4-4-2018 ના કારણે EC અને CTE લેવલે પડતર રહેલી છે જેનું મુળ કારણ FETP આઉટલેટમાં વધારે પડતા હાઈ એમોનીક્લ નાઈટ્રોજન છે. પરંતુ હાલની પરિસ્થિતિ જોતા છેલ્લા દોઢ વર્ષથી (૧) એમોનીક્લ નાઈટ્રોજન અને સીઓડી એ FETP ના આઉટલેટ પર જીપીસીબી દ્વારા નક્કી કરેલા નોર્મસ પ્રમાણે આવી રહ્યા છે. (૨) આજુ બાજુના વિસ્તારમાં વાતાવરણ/હવામાં એમોનિક્લ નાઈટ્રોજનની કોઈ આડ અસર નથી. (૩) સીપીસી બનાવતા ઔદ્યોગિક એકમોએ MEE ના પ્લાન્ટ સ્થાપ્યા છે અથવા તો તેના એફ્લુઅન્ટમાંથી ''એમોનિયમ સલ્ફેટ'' બનાવવામાં આવે છે જેને કારણે ETP પરના ભાર માં ખૂબજ ઘટાડો થયો છે.